## મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો



બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,એન.એસ.એસ અને અંજલી હોસ્પિટલ,રણાસણના સંયુક્ત ઉપક્રમે તા.૧૭/૮/૨૦૨૨ ના રોજ મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. ૮૦ દર્દીઓએ લાભ લીધો હતો.૮ જેટલા મોતિયાના ઓપરેશન માટેના દર્દીઓ મળ્યા હતા.ઓપરેશન અંજલી હોસ્પિટલ ખાતે કરવામાં આવશે અને તેમને લઈ જવા અને મુકવા સુધીની વ્યવસ્થા પણ અંજલી હોસ્પિટલ દ્વારા જ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનું આયોજન કોલેજ પ્રિં. ડૉ.કે.આર.પટેલના માર્ગદર્શન હેઠળ વિષ્ણુભાઈ સોલંકી અને એન.એસ.એસ પ્રો. ઑફી. ડૉ.એન.આર.જોષી કર્યું હતું.મંડળના પ્રમુખ દિનેશભાઈ ભટ્ટ,મંત્રી ઈશ્વરભાઈ પંડ્યા અને મંડળના હોદ્દેદારો હાજર રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## ફેક્ચર ગેંગ સહિત સૂકાને દબોચી લેનાર ભરત બસિયાની લોકચાહના, પત્રકારોએ પાઠવી શુભેચ્છા



અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨ વર્ષથી કરતા વધારે સમયથી જિલ્લા પોલિસ તંત્રમાં ફરજ બજાવતા નાયબ પોલિસ વડા ભરત બસિયાની બદલી થતાં પત્રકારોએ શુભેચ્છા પાઠવી હતી. નામચિન ગેંગ તેમજ પ્રોહિબિશનના આરોપીમાં ફફડાટ ફેલાવનાર ભરત બસિયાની હાલમાં જ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં બદલી થવા પામી હતી. રાજ્ય સરકારે ૨૩ ઙ્અ.જીં. ની બદલીના આદેશ કર્યા હતા, જેમાં અરવલ્લી જિલ્લા ઙ્અ.જીં. ભરત બસિયાનો પણ સમાવેશ થયો હતો. ભરત બસિયા એ ખૂબ જ ટૂંકા સમયમાં લોકચાહના મેળવી હતી. ભરત બસિયા ભલે નાયબ પોલિસ વડા તરીકે કાર્યરત હતા પરંતુ તેઓ લોકો વચ્ચે રહેતા અને કોઈપણ ફરિયાદીને ન્યાય મળે તેને પ્રાધાન્ય આપતા હતા. કેટલાય ગુનાઓને ડિટેક્ટ કરવામાં તેમની મુખ્ય ભૂમિકા હતા. ક્રાઈમ ડિટેક્શનમાં માસ્ટરી ધરાવનાર ભરત બસિયાની કામગીરીથી ગુનાગારો થરથર કાંપતા હતા અને નાના-મોટા ગુનેગારો તો ભરત બસિયાના નામથી કોઈ કામ કરતા પહેલા વિચારતા હતા. ભરત બિસયા જિલ્લામાં આવ્યા પછી ૭૫ જેટલા કેસની તપાસ હાથ ધરી હતી, જેમાં કેટલાય નામચિન ગુનેગારોને જેલની હવા ખવડાવી હતી.

## ધાનેરા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટરની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર ડીવી ડોડીયાની અધ્યક્ષતામાં આજે ધાનેરા પોલીસ સ્ટેશન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ જવાનો દ્વારા મોટી માત્રામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું .ધાનેરા પોલીસ સ્ટેશનને હરિયાળું બનાવવા માટે પોલીસ અધિકારીશ્રી તેમજ પોલીસ જવાનો યથાગ પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે વિવિધ પ્રકારના વૃક્ષો વાવી વૃક્ષો ઉછેરવા માટેની પ્રતિજ્ઞા લેવાઈ હતી ધાનેરા પોલીસ સ્ટેશનને હરિયાળું બનાવવા માટે પોલીસ જવાનું પણ તત્પર બન્યા છે

## ધાનેરામાં વોર્ડ નંબર ત્રણમાં ભીલવાસ વિસ્તારમાં ગટરનાં ગંદા પાણી ધરોમા ધુસતા સ્થાનિક લોકોમાં રોષ



ધાનેરા શહેરના વોર્ડ નંબર ૩ ભીલવાસ વિસ્તાર આવેલ છે આ વિસ્તારમાં ગટરનું ગંદુ પાણી નીકળી રહ્યું છે પરંતુ આજદિન સુધી નગરપાલિકા દ્વારા આ વિસ્તારની સમસ્યાનો નિકાલ કરવામાં આવ્યો નથી જેથી લોકો એ નગરપાલિકા સામે નારાજગી વ્યક્ત કરી હતી. ધાનેરા માં નગરપાલિકામાં કોંગ્રેસ નું શાસન છે પાલિકાની યોજાયેલી ચુંટણીમાં સ્થાનિક લોકોએ પોતાના વિસ્તારની વર્ષોજૂની સમસ્યાનો નિકાલ થાય તે માટે સ્પષ્ટ બહુમતી સાથે જ નગરપાલિકામાં કોંગ્રેસ નું શાસન આપ્યું હતું પરંતુ આજે પણ ધાનેરા નગરપાલિકા હદ વિસ્તાર ના એવા અનેક વિસ્તારો છે જ્યાં અનેક લોકો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. મોટાભાગે ધાનેરા નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ વિસ્તારોમાં પાલિકા દ્વારા ભૂગર્ભ ગટર પાણી માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી જેના કારણે આજે સ્થાનિક લોકો અનેક સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે ત્યારે વાત કરવામાં આવે તો ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર ત્રણમાં આવેલ ભીલવાસ વિસ્તારમાં ગટરના ગંદા પાણી ધરની બાહર ભરાઈ ગયું છે. જેના કારણે આ વિસ્તારમાં લોકોને ધરમાથી પસાર થવું પણ ભારે હાલાકી ભોગવવી પડે છે બીજી તરફ ગટરનું ગંદુ પાણી થી આ વિસ્તારમાં રહેતા લોકો ને ભારે તકલીફ પડી રહી છે. આ વિસ્તારમાં ગટર નાં ગંદાપાણી નાં કારણે સ્થાનિક લોકોએ પોતાના ઘરમાં રસોઈ કરવી પણ મુશ્કેલ બની ગઈ છે ત્યારે આ બાબતે પાલિકાના ચૂંટાયેલા સદસ્યો ને રજૂઆત કરવામાં આવી હોવા છતાં પણ હજી સુધી ગટરના ગંદા પાણીનો કોઈ નિકાલ કરવામાં આવ્યો નથી. જેના કારણે આ વિસ્તારના લોકો હાલ ગટરના ગંદુ પાણીથી ભારે હાલાકી ભોગવી રહ્યા છે આ બાબતે સ્થાનિક લોકોએ આજે નગરપાલિકા નો વિરોધ દર્શાવતાં જણાવ્યું હતું કે જ્યારે નગરપાલિકાની ચૂંટણી હતી ત્યારે કોંગ્રેસ અને ભાજપના સદસ્યો વોટ લેવા માટે આવ્યા હતા અને તમામ સમસ્યાઓનો નિકાલ લાવવાની બાંહેધરી આપી હતી પરંતુ પાલિકાની ચુંટણી પત્યા બાદ આ વિસ્તારમાંથી કોર્પોરેટરો જીતીને જતા રહ્યા છે અને હજુ સુધી અમારા વિસ્તારની મુલાકાત પણ લેવામાં આવ્યા નથી . અમારા વિસ્તારમાં ગટરનું ગંદુ પાણી ઉભરાઈ રહ્યું છે પરંતુ હજી સુધી એક પણ વ્યક્તિ અમારા વિસ્તારની મુલાકાતે આવ્યા નથી ત્યારે તાત્કાલિક ધોરણે અમારા વિસ્તારની કોર્પોરેટરો દ્વારા મુલાકાત લેવામાં આવે અને આ ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવે છે તેવી લોકોની માંગ છે.

# બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ દ્વારા વીજળીના પ્રશ્ને ઉર્જામંત્રી સમક્ષ ધારદાર રજૂઆત

**અરજણવાવને બાયડ ફીડરમાં જોડવા સૂચના અપાઈ, અન્ય પડતર કામોનો તાત્કાલિક ઉકેલ લાવવા અધિકારીઓને આદેશ**





હિંમતનગર, તા.૧૮

રાજયના ઉર્જામંત્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં અરવલ્લી કલેક્ટર કચેરી ખાતે વીજળીના પ્રશ્નો અંગે અધિકારી-પદાધિકારીઓ સાથેની બેઠક બુધવારે યોજવામાં આવી હતી જેમાં બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલે દાયકાથી પરેશાનીમાં મૂકાઈ રહેલા અરજણવાવ ગામને બાયડ ફીડરમાં મૂકવા માટે ધારદાર રજૂઆત કરતાં મંત્રી દ્વારા તલોદ વર્તુળના ચીફ ઈજનેર તેમજ બાયડ યુ.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેરને આ અંગે તાત્કાલિક પ્રશ્ન હલ કરવા અને બાયડ ફીડરમાં જોડવા સૂચના અપાઈ હતી. બાયડ નગરપાલિકાના સુંદરપુરા, અદાનાછાપરા અને બાયડ ગામના વિજ પ્રશ્નો બાબતે પણ રજૂઆત કરવાની સાથે કેટલાક સોસાયટી વિસ્તારોમાં જોખમી વિજ વાયરો હોવાથી બાયડ યુ.જી.વી.સી.એલ.ને વધુ પ્રમાણમાં બંચ કેબલ આપવા રજૂઆત થતાં તે પણ સ્વીકારવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ અરજણવાવ, અદાનાછાપરા અને સુંદરપુરા તેમજ બાયડ નગરપાલિકા વોર્ડ નંબર-૧ નો કેટલોક વિસ્તાર અન્ય ફીડરમાં સમાવ્યો હોવાથી બાયડમાં વીજળી હોય પરંતુ અન્ય ફીડરમાં ફોલ્ટના કારણે વીજળી ડૂલ થઈ હોય તો પાલિકાના અન્ય વિસ્તારોની પ્રજા અંધારામાં અટવાતી હતી. ગત વર્ષે બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ દ્વારા સ્વામિનારાયણ સોસાયટી અને વિવેકાનંદ સોસાયટીના ૯૦ થી વધુ ઘરના પ્રશ્નનો સુખદ ઉકેલ લાવ્યા પછી અરજણવાવના ગ્રામ અને નગરપાલિકા સદસ્ય મીનાબેન મનહરભાઈ પટેલે અરજણવાવ ગામને બાયડ ફીડરમાં જોડવા માટે રજૂઆત કરી હતી. જે સંદર્ભે ગત રોજ ઉર્જા મંત્રી સાથે અરવલ્લીના વડામથક મોડાસામાં યોજાયેલી બેઠકમાં બાયડ નગરપાલિકાના અનેક પ્રશ્નો બાબતે રજૂઆત કરવામાં આવી હતી. કેટલાક સોસાયટી વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ માટે સિમેન્ટના પોલ તથા કેબલ નાખવા માટેની રજૂઆતો પણ આવી હતી અને વિભાગના ઈજનેર દ્વારા જે તે સોસાયટીને એસ્ટીમેન્ટ આપવામાં આવ્યું છે તેવું જણાવ્યું હતું પરંતુ કારોબારી અધ્યક્ષ દ્વારા એસ્ટીમેન્ટની રકમ અનેક સોસાયટીના રહીશો ભરી શકવાની સ્થિતિમાં ન હોવાથી તે અંગે યોગ્ય હલ લાવવા રજૂઆત કરી હતી. કારોબારી અધ્યક્ષ દ્વારા થયેલી તમામ રજૂઆતોને ઉર્જામંત્રીએ ગંભીરતાપૂર્વક લઈ ચીફ ઈજનેર તેમજ તલોદ વર્તુળના કાર્યપાલક ઈજનેર અને બાયડ જી.ઈ.બી.ના ઈજનેરને ત્વરીત ઉકેલ લાવવા માટે સૂચના આપવામાં આવી છે. બાયડ નગરપાલિકા દ્વારા બંધ કવરમાં આવેલી રજૂઆતો પણ મંત્રીને તાલુકા ભાજપ સંગઠન દ્વારા આપવામાં આવી હતી. ત્યારબાદ બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, મહામંત્રી મયૂર પટેલ દ્વારા નવા ફીડર તેમજ જ્યોતિગ્રામ યોજના અંતર્ગત રજૂ કરેલા પ્રશ્નોનો પણ ઉકેલ લાવવાની સાથે સરસોલીમાં નવા ફીડર માટે લીલીઝંડી આપવામાં આવી છે.

## NHAIની બેદરકારી : શામળાજી સહીત આજુબાજુના વિસ્તારોમાં વરસાદી પાણીએ તારાજી સર્જી

**લોકોનો રોડ પર ચક્કાજામ,૭૧ સહીત ટોળા સામે ફરિયાદ**

મોડાસા, તા. ૧૮

યાત્રાધામ શામળાજીથી પસાર થતા અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ ને અમદાવાદ સુધી સિક્સલેન બનાવવાનું કામકાજ મંથરગતિએ ચાલી રહ્યું છે શામળાજી નજીક ડુંગર કોતરી હાઈવે પહોળા કરવામાં આવ્યો છે આડેધડ ડુંગરને કોતરી નાખવામાં આવતા અને પાણીના નિકાલની યોગ્ય વ્યસ્થા ઉભી કરવામાં નેશનલ હાઈવે ઓથોરીટી ઉણી ઉતરતા ડુંગરની પાણી શામળાજી સહીત આજુબાજુના વિસ્તારોમાં ઘુસી જતા હોવાથી ઘરો અને દુકાનોને ભારે નુકસાન પહોંચી રહ્યું છે આ અંગે શામળાજી તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોએ એનએચએઆઈ અને તંત્રને જાણ કરવા છતાં યોગ્ય નિકાલ નહીં થતા શામળાજી, વેણપુર અને શામળપુર ગામના લોકોએ નેશનલ હાઈવે ચક્કાજામ કરતા તંત્ર અને પોલીસ દોડી આવી હતી યોગ્ય કાર્યવાહીની હૈયાધારણા અપાતા ચક્કાજામ ખુલ્લો કરવામાં આવ્યો હતો નેશનલ હાઈવે પર શામળાજી, વેણપુર અને શામળાપુર ગામના વેપારીઓ અને ગામલોકોએ ચક્કાજામ કરતા વાહનચાલકો અટવાયા હતા શામળાજી પોલીસે શામળાજી, વેણપુર અને શામળાજી નજીક ચક્કાજામ કરનાર ૭૧ શખ્સો સામે નામજોગ અને ટોળા સામે ફરિયાદ નોંધાતા ગામલોકો અને વેપારીઓમાં ભારે આક્રોશ છવાયો હતો.



શામળાજીના વેપારીઓના જણાવ્યા અનુસાર થોડા દિવસ અગાઉ ડુંગરના વરસાદી પાણી શામળાજી ગામમાં ઘુસી જતા દુકાનો અને મકાનોને નુકશાન થતા વરસાદી પાણીના નિકાલ માટે તંત્રને જાણ કરવામાં આવી હતી તેમ છતાં કાન આંખે આડા કાન કરતા બે દિવસ અગાઉ ધોધમાર વરસાદ ખાબકતા ડુંગરના પાણી શામળાજી સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ફરી વળતા ભારે તારાજી સર્જી હતી શામળાજીમાં દુકાનો પાણીમાં ગરકાવ થતા લાખ્ખો રૂપિયાનું નુકશાન થતા કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા નેશનલ હાઈવે ઓથોરિટી અને તંત્રને જગાડવા ન છૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડી હતી.

## પાલનપુરના રસ્તાઓ ચાર ઈંચનો વરસાદ સહન ન કરી શક્યા, ઠેક-ઠેકાણે ભુવા







પાલનપુર તા. ૧૮

પાલનપુર ખાતે ભૂગ્ભ ગટરની પાઈપલાઈન નખાયા બાદ તેની પર જી યુ ડી સી દ્વારા રોડ બનાવવામાં આવ્યો હતો.

ગત વખતે પણ રોડ પર ભુવા પડ્યા હતા આ વખતે આખો રોડ ધોવાઈ જતા રોડની દુર્દશાની તસવીર સામે આવી હતી. ભુવાની બીજી અને મીરા દરવાજા નજીક મીરા દાતાર દરગાહની સામે આવેલા નવાજ રસ્તાની છે. છ મહિના પૂર્વે જ આ રસ્તો નગરપાલિકા દ્વારા બનાવવામાં આવ્યો હતો. જે વરસાદમાં જગ્યા જગ્યાએ દબાઈ ગયો છે. પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે રોડ નીચે પાઈપલાઈન નાખી હોવાથી તેમાં લીકેજ સર્જાતા આ ક્ષતિ સર્જાઈ છે. વાહનો ભુવામાં ખાબકતા માંડ બચ્યા.. પાલનપુરમાં વરસાદ બાદ તકલાદી રોડ નીચે ભુવા પડ્યા હતા સોનબાગ જવાના માર્ગ પર વળાંકમાં ભુવો પડતા એક કાર તેમાં ફસાઈ ગઈ હતી સ્થાનિકોએ મહામુસીબતે કારને બહાર કાઢી હતી.

## ડીસામાં શ્રાવણીયો જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**પોલીસે રૂ.૧૪૮૬૦નો મુદ્દામાલ પણ જપ્ત કર્યો**

ડીસા, તા. ૧૮

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં શ્રાવણીયા જુગારની ખીલી ઉઠેલી મોસમ વચ્ચે ડીસા શહેર દક્ષિણ પીઆઈ એસ.એમ.પટણીની સૂચનાના આધારે પોલીસ સ્ટાફના માણસો નાઈટ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે, ગવાડી રાજપુર વિસ્તારમાં આવેલા નૂરાની પાર્ક આગળ કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમવા બેસે છે. જેથી પોલીસે ઓચિંતી તપાસ કરતા નૂરાની પાર્કના દરવાજા આગળ કેટલાક શખ્સો જુગાર રમી રહેલા હતા.પણ પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જો કે પોલીસે પાંચ શખ્સોને ઝડપી લીધા હતા અને પોલીસે જુગારના દાવમાં તેમજ ઝડપાયેલા શખ્સોની અંગઝડતી કરતા કુલ રૂપિયા ૧૪,૮૬૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે પકડાયેલા તમામ શખ્સો વિરુદ્ધ દક્ષિણ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ઝડપાયેલા શખ્સો :** *ફિરોઝખાન અકબરખાન બલોચ (રહે. નૂરાની પાર્ક સોસાયટીની બાજુમાં, ગવાડી,ડીસા) રાયબાભાઈ મફાભાઈ સુમરા (રહે, ભોપાનગર,ડીસા) સૌરાફભાઈ ઈસ્માઈલભાઈ સુમરા (રહે. જમાઈપુરા,ચંડીસર તા. પાલનપુર) ઈલિયાસભાઈ રમઝાનભાઈ સુમરા (રહે.પ્રતાપપુરા, પચકવાડા,તા. સિધ્ધપુર) અબ્દુલભાઈ સુલેમાનભાઈ સુમરા (રહે. કુંભારવાસ,પચકવાડા,તા. સિધ્ધપુર)*

## "આજે ભારતમાં સૌથી વધુ ભયભીત .... ભારતના ભ્રષ્ટાચારી લોકો અને બીજુ POK...?"

**થર્ડ અમ્પાયએરની દ્રષ્ટિએ....**

બાયડ તા.૧૮

આજે ભારત એવા યુગમાંથી પસાર થઈ રહ્યું છે કે ભ્રષ્ટાચાર કરનાર નેતાઓ અને અધિકારીઓમાં ફફડાટ છે તો સાથે સાથે POK માં પણ એટલોજ ફફડાટ છે... મોદીજીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ મુહિમનું આહવાન કર્યું એટલે તમામ ભ્રષ્ટાચારીઓની ઊંઘ હરામ થઈ ગઈ!! વિરોધી દળ કે સત્તાધારી પાર્ટીના કોઈપણ ભ્રષ્ટ નેતાઓ કે વહીવટી અધિકારીઓ બચવાના નથી. પોતાની શાખ અને ઈજ્જત માટે તથા રાષ્ટ્રવાદને સમર્પિત આ દેશના પ્રધાનમંત્રી મોદીજી કોઈને છોડવાના નથી.... ખૂબ ફફડાટ છે ભ્રષ્ટ લોકોના દિમાગમાં અને મનમાં પણ!! તો બીજી બાજુ POK ના લોકોમાં પણ ફફડાટ છે, પરંતુ આ ફફડાટ એટલે છે કે તેમને ખાવાના પણ ફાંફા છે... આજે ત્યાંની જનતાએ રીતસરનો પાકિસ્તાન સરકાર સામે બળવો કર્યો છે....

POK ની જનતા અને પાકિસ્તાની સેના આમને સામને છે અને તેઓ હવે પાકિસ્તાનના તાબામાં રહેવા નથી માંગતા. 'POK ની જનતાને પાકિસ્તાની હુકુમત સ્વીકાર્ય નથી અને તેઓ ભારતની જોડે ભળી જવા તૈયાર છે.' પાકીસ્થાન જોડે રહીને ભૂખે મરવું એના કરતા ભારત જોડે રહીને સ્વમાનથી જીવવું વધુ સારું એ વાત ત્યાંની જનતા જાણી ચુકી છે. પીઓકે ની જનતા આજે ત્રાહિમામ છે અને તેઓ પાકિસ્તાનથી મુક્ત થવા માંગે છે. પાકિસ્તાન આજે પોતાની જનતા માટે એક એક દાણા માટે ફાંફા મારે છે તો તે પીઓકેની જનતા માટે શું વિચારી શકે?? જનતાની એકજ ખવાઈસ છે કે ભારત પીઓકેને પોતાનામાં સમાવી લે!!

મોદીજીની લાલકિલ્લા ઉપર જોવા મળેલી બોડીલેંગ્વેજ બતાવે છે કે ભારતના ભ્રષ્ટાચારીઓ બચવાના નથી તો પાકિસ્તાનની પીઓકે માટેની ગણતરી હવે ખોટી પડવાની છે... "નજીકના ભવિષ્યમાં દેશના ભ્રષ્ટાચારીઓ જેલના સળિયા પાછળ હશે તો પીઓકે ભારતના નકશામાં હશે!!" ભારતની જનતાની ખવાઈસ છે કે ભ્રષ્ટાચારી ના જોઈએ તથા પીઓકે જે ભારતના નકશામાં મુકુટ છે તે ભારતમાતાના શિર ઉપર જરૂર જોઈએ!! આ બન્ને વાતોની પુષ્ટિ થવા જઈ રહી છે... આનાથી વધુ સારી ખબર ભારતની જનતા માટે શું હોઈ શકે?

દિલ્હી દરબારમાં જન્માષ્ટમી પર્વ ઉપર બહૂજ ગરમા ગરમ ચર્ચા હોય તો તે આ બે વિષય ઉપર છે... એક પીઓકે તો બીજું ભ્રષ્ટાચાર!! પીઓકે ભારતમાં પરત મળી જાય તેવી સ્થિતિ આઝાદીના આ ૭૫ વર્ષમાં પહેલી વાર બની છે... "આખલા અને સાંઢ બનીને ફરતા ભ્રષ્ટ આગેવાનો માટે પીંજરામાં પુરાવાની સ્થિતિ ઉભી થઈ છે..." બહૂજ મનમાની કરી લીધી હવે ભ્રષ્ટ લોકોના ગળામાં ગાળિયો ગમે ત્યારે પરોવાઈ જશે તે નક્કી છે. જ્યારે આ બન્ને વિષય સંપન્ન થશે ત્યારે રાજકીય નેતાઓ મોદીજી જોડે હશે કે નહીં હોય તે ખબર નહિ પણ દેશની જનતા ૧૦૦% મોદીજીની પડખે ઉભી હશે તેવું થર્ડ અમ્પાયરનું માનવું છે!! મોદીજીની નિયત અને રાષ્ટ્રપ્રેમની દેશની જનતા સરાહના કરે છે બસ દેશની જનતા એટલું જ ઈચ્છે છે કે ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓને જેલના સળિયા પાછળ મોકલી દો અને ભારત માતાનો મુકુટ એટલે કે પીઓકે લઈને ફરીથી માતાને મુગુટ પહેરાવી દયો!! ભારતની જનતાની આ એકમાત્ર ઝંખના છે....

## બાયડ નગરપાલિકામાં ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલના હસ્તે ધ્વજવંદન

**આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગને યાદગાર બનાવ્યો**



બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૧૮

બાયડ નગરપાલિકામાં તા.૧૫ ઑગષ્ટના રોજ બાયડ નગરપાલિકાના ઉત્સાહી ઉપપ્રમુખ ગાયત્રીબેન પી. પટેલના હસ્તે ઐતિહાસિક તિરંગો લહેરાવવામાં આવ્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ધ્વજવંદન તેમના પરિવાર માટે ચિરસ્થાયી બની રહેશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તા.૧૫ ઑગષ્ટ-૨૦૨૨ અનેક રીતે ઐતિહાસિક બની ગઈ. હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા..ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનને પ્રજાએ ઉમળકાથી વધાવતાં તા.૧૩ થી ૧૫ ઑગષ્ટે બાયડ સહિત સમગ્ર જિલ્લો તિરંગાથી સુભોષિત બન્યો હતો. દરેક જનજનમાં દેશપ્રેમનો ભાવ છલકતો જોવા મળ્યો. બાયડ નગરપાલિકા કચેરીએ ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલે તિરંગો લહેરાવ્યો હતો અને પોતાના જીવનની આ ધન્ય ઘડી હોવાનું જણાવ્યું. ધ્વજવંદન કાર્યક્રમમાં કોર્પોરેટર અશોકભાઈ એલ. પટેલ, ભરતભાઈ એસ. પટેલ, અરવિંદભાઈ જે. પટેલ, પ્રકાશભાઈ સોલંકી, કંચનબેન એમ. પટેલ, પૂર્વ સભ્ય હિતેષભાઈ પટેલ, શહેર સંગઠન પૂર્વ ઉપપ્રમુખ રમણિકભાઈ પટેલ, પાલિકાના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે તા.૧૫ ઑગષ્ટના રોજ બાયડ નગરપાલિકા ઉપપ્રમુખ, જિલ્લા ભાજપ મહિલા મોરચા ઉપપ્રમુખ ગાયત્રીબેન પી. પટેલે તિરંગો લહેરાવતાં બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ આર. પ્રજાપતિ, દંડક ભાવનાબેન અતુલભાઈ જોષી, કોર્પોરેટર હર્ષદભાઈ પટેલ(મુખી), જ્યોતિબેન જતિનભાઈ પટેલ, રાધાબેન જગદીશભાઈ ચૌહાણ, સુરેશભાઈ પટેલ(સુંદરપુરા) વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંભોઈ હોમગાર્ડ દ્વારા સ્વાતંત્ર્ય પર્વે તિરંગા પદયાત્રા




ગાંભોઈ, તા.૧૮

હિંમતનગર તાલુકાના હોમગાર્ડ યુનિટ દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વાતંત્ર્ય પર્વે તાલુકા પંચાયત સદસ્ય કુલદીપસિંહ રાઠોડ તેમજ સિનિયર પ્લાન્ટુન કમાન્ડન હિંમતસિંહ મકવાણાની આગેવાની હેઠળ પ્લાન્ટુન સાર્જન્ટ ચીમનભાઈ નાઈ અને ઈન્ચાર્જ હોમગાર્ડ ઓફિસર હિતેન્દ્ર મકવાણા તેમજ હોમગાર્ડ જવાનોની સ્વાતંત્ર્ય પર્વે ગાંભોઈના મુખ્ય બજારથી પોલીસ સ્ટેશન સુધી તિરંગા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.